રાજ્યમાં કોરોનાના કેસમાં ઘટાડો : ૭૮૦ કેસ, ૪ના મોત

અત્યાર સુધીમાં કુલ ૯૬૫૨૭૮૦ ટેસ્ટ કરવામાં આવ્યા તેમજ ૨૩૦૮૯૩ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા

ગાંધીનગર, તા. ૩૧

રાજ્યમાં કોરોના વાયરસના વધતા કહેરને રોકવા માટે રાત્રિ કર્ફ્યૂ અમલમાં છે. મુખ્યમંત્રી વિજયભાઈ રુપાણીએ પહેલી જાન્યુઆરીથી રાત્રિ કર્ફ્યૂનો સમય ૧૦થી ૬ સુધીનો કર્યો છે તો ૨૪ કલાકમાં નવા કેસની સંખ્યા પણ ૮૦૦ની નીચે નોંધાઈ છે. ૨૪ કલાકમાં કોરોનાના વધુ ૭૮૦ નવા દર્દીઓ સાથે જ કોરોનાનો કુલ આંકડો પણ ૨૪૫૦૩૮ થયો છે. જ્યારે રાજ્યમાં દર્દીઓના સ્વસ્થ થવાનો દર પણ ૯૪.૨૩ ટકા થયો છે. ૨૪ કલાકમાં રાજ્યમાં કોરોનાના કુલ ૫૪૬૭૨ ટેસ્ટ કરવામાં આવ્યાં હતાં. જેથી કુલ ટેસ્ટનો આંકડો પણ ૯૬૫૨૭૮૦ થયો છે.

રાજ્યમાં ૭૮૦ નવા દર્દીઓ સામે ૯૧૬ દર્દીઓ સ્વસ્થ થયા છે. જેથી સ્વસ્થ દર્દીઓનો આંકડો પણ ૨૩૦૮૯૩એ પહોંચ્યો છે. રાજ્યની વસ્તીને ધ્યાનમાં લેતા દસ લાખની વસ્તી સામે પ્રતિ દિવસે ૮૪૧.૧૧ ટેસ્ટ થાય છે. રાજ્યના જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૫૦૫૩૧૪ વ્યક્તિઓને ક્વોરન્ટીન કરવામાં આવ્યાં છે. જે પૈકી ૫૦૫૧૯૫ વ્યક્તિઓ હોમ ક્વોરન્ટીનમાં છે અને ૧૧૯ વ્યક્તિઓને ફેસિલિટી ક્વોરન્ટીનમાં રાખવામાં આવ્યાં છે. આ ઉપરાંત રાજ્યમાં કુલ ૯૮૩૯ એક્ટિવ કેસ છે. જેમાંથી ૬૧ દર્દીઓને વેન્ટિલેટર સપોર્ટ પર રાખવામાં આવ્યાં છે. જ્યારે ૯૭૭૮ની સ્થિતિ સ્ટેબલ છે. રાજ્યમાં કોરોના વાયરસનો કહેર વધી રહ્યો છે ત્યારે આ સ્થિતિમાં ગત ૨૪ કલાકમાં વધુ ૪ દુઃખદ મૃત્યુ નોંધાયા છે. જેમાં અમદાવાદ કોર્પોરેશનમાં ૩ અનએ સુરત કોર્પોરેશનમાં ૧ સહિત કુલ ચાર લોકોના મોત નિપજ્યા છે. જેથી હવે રાજ્યમાં કુલ મૃત્યુઆંક પણ વધીને ૪૩૦૬ થયો છે.

સેક્ટર-૨૧માંથી ૭ કિલોથી વધુ પ્લાસ્ટીક ઝડપી ૧૨ હજારથી વધુ દંડ વસુલાયો

ગાંધીનગર મહાનગરપાલિકાએ આજે સેક્ટર-૨૧ના શાકમાર્કેટ, કોર્મશિયલ વિસ્તાર ખાતે ત્રાટકી અને દંડનીય કાર્યવાહી હાથ ધરી હતી. ઝોનલ ઓફિસર શૈલેષકુમાર સોમચંદ્રન, ઝોનલ ઓફિસર અમીતકુમાર પટેલ તેમજ સ્થાનિક સેનેટરી ઈન્સ્પેક્ટર વિપુલસિંહ ડાભી તથા અન્ય વોર્ડના સેનેટરી ઈન્સ્પેક્ટરોની બનેલી ચાર ટીમો ત્રાટકી હતી. મનપાના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે જાહેરમાં ગંદકી કરતા, માસ્ક ન પહેરતા તેમજ ૧૯ જેટલા ઈસમો પાસેથી ૭ કિલોથી વધુ પ્લાસ્ટીકની થેલીઓ પકડી અને દંડનીય કાર્યવાહી હાથ ધરી હતી. આ સૂત્રોના જણાવ્યા પ્રમાણે વહીવટી ચાર્જ પેટે રૂ. ૧૦ હજાર વસુલવામાં આવ્યા છે. માસ્ક ન પહેરનાર બે ઈસમો પાસેથી રૂ. બે હજાર વસુલવામાં આવ્યા છે. તો ૨ લોકો પાસેથી જાહેરમાં ગંદકી કરવાથી રૂ. ૪૦૦ દંડ પેટે વસુલવામાં આવેલ છે.

ગાંધીનગરના રાજસ્થાન સમાજ સાર્વજનિક સેવા ટ્રસ્ટ દ્વારા આયોજિત સંસ્થાના સામાજિક તથા રાજનૈતિક કાર્યક્રમમાં શહેર ભાજપ પ્રમુખ રૂચિરભાઈ ભટ્ટનું મુખ્ય અતિથિ પદે સ્વાગત-સન્માન કરવામાં આવ્યું હતું. જે સંસ્થાના અધ્યક્ષ તુલસીભાઈ માલીના હસ્તે રાજસ્થાની પાઘડી પહેરાવી કરાયું હતું. આ પ્રસંગે ભાજપ યુવા મોરચાના પ્રમુખ જીગરભાઈ પટેલ, કોર્પોરેટર પ્રવિણભાઈ પટેલ, સંગઠન મંત્રી કૈલાસ લખવારા તથા સંસ્થાના પદાધિકારીઓ અને સમાજના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

ભારતના સૌથી લાંબા કેબલ સિગ્નેચર બ્રિજનું મુખ્યમંત્રીએ નિરીક્ષણ કર્યું

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ ઓખા અને બેટ- દ્વારકા વચ્ચે ભારતના સૌથી લાંબા કેબલ સ્ટેઈડ સિગ્નેચર બ્રીજના ચાલુ કામનું હોવરક્રાફટમાં બેસીને નિરીક્ષણ કર્યું હતું.

દ્વારકા જિલ્લાના વિકાસ કામોના લોકાર્પણ / ખાતમુહૂર્ત કરવા આવેલા મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ આ તકે ઓખા અને બેટ-દ્વારકા વચ્ચે રૂ.૯૬૨.૮૩ કરોડના ખર્ચે તૈયાર થઈ રહેલા ભારતના સૌથી લાંબા કેબલ સ્ટેઈડ સિગ્નેચર ઓવરબ્રીજનાં ચાલુ કામનું નિરીક્ષણ કર્યું હતું.

બ્રીજની કુલ લંબાઈ ૨૩૨૦ મીટર રહેશે જેમાં કેબલ સ્ટેઈડ બ્રીજ ૯૦૦ મીટર રહેશે. બ્રીજના મુખ્ય ગાળાની લંબાઈ ૫૦૦ મીટર રહેશે. પુલની પહોળાઈ ૨૭.૨૦ મીટર રહેશે જેમાં ચાર માર્ગીય પુલ તથા ૨.૫૦ મીટર પહોળી ફુટપાથ બન્ને તરફ બનાવવામાં આવશે. ફુટપાથ બનવાથી યાત્રિકો/ શ્રધ્ધાળુઓ સુરક્ષિત રીતે ચાલીને પણ ઓખાથી બેટ દ્વારકા જઈ શકશે. ફુટપાથ ઉપર લગાવેલ સોલાર પેનલથી ૧ મેગાવોટ વીજળીનું ઉત્પાદન થશે. જેનાથી બ્રીજ ઉપરની સ્ટ્રીટ લાઈટ પણ ઝળહળશે.

માર્ચ ૨૦૧૮ થી શરૂ થયેલ બ્રીજનું કામ પુર્ણ થવાની સંભવિત તારીખ એપ્રિલ-૨૦૨૨ છે. આ બ્રીજ બનવાથી ઓખા અને બેટ-દ્વારકા વચ્ચે આવાગમનનો સેતુ રચાશે. દ્વારકા ઐતિહાસિક સ્થળ હોવાથી શ્રધ્ધાળુ દ્વારકા તથા બેટ દ્વારકા દર્શન માટે આવતા હોય છે ત્યારે આ પુલનું નિર્માણ થવાથી દર્શનાર્થીઓ તથા સ્થાનિક રહિશોને આવાગમન માટે ખુબજ સરળતા રહેશે.

સુરતમાં કોરોનાના નવા સ્ટ્રેનનો પ્રથમ શંકાસ્પદ કેસ

યુવતીની બહેન, માતા અને પિતાના કોરોના ટેસ્ટ કરવામાં આવ્યા હતા, જેમાં માતા અને બહેન કોરોના પોઝિટિવ

સુરત,તા.૩૧

હાલ કોરોના મહમામારીમાંથી તો બહાર નથી આવ્યાં ત્યાં બ્રિટનના નવા સ્ટ્રેને દેશભરમાં ફફડાટ ફેલાયો છે. જેના કારણે વિદેશથી આવતા તમામ લોકોની કડક ચકાસણી થાય છે. ત્યારે ઈન્ગલેન્ડથી હજીરા આવેલી યુવતી કોરોના સંક્રમિત આવતા તેને અલગ વોર્ડમાં શિફ્ટ કરવામાં આવી છે. મળતી માહિતી પ્રમાણે આ યુવતી ક્રિસમસ વેકેશનની રજાઓ હોવાને કારણે ૧૦ ડિસેમ્બરના રોજ વાયા દિલ્હીથી સુરત આવી આવી હતી. જે બાદ યુવતી ૨૦ ડિસેમ્બરના રોજ બ્રિટન જવા માટે જવાની હતી તે માટે તે દિલ્હી એરપોર્ટ પણ પહોંચી હતી પરંતુ બ્રિટનની તમામ ફ્લાઈટ રદ થવાને કારણે આ યુવતી પરત સુરત આવી હતી. આ અંગેની માહિતી તંત્રને મળતા તરત જ તંત્ર કામગીરી ચલાવીને તપાસ કરી હતી. જેમાં આ યુવતીમાં બ્રિટનના નવા સ્ટ્રેનના લક્ષણો દેખાયા હતા. યુવતી સાથે ઘરમાં રહેતી તેની બહેન, માતા અને પિતાના પણ કોરોના ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જેમાં માતા અને બહેન કોરોના પોઝિટિવ આવ્યાં છે. જેના કારણે આ ત્રણેવ દર્દીઓને નવી સિવિલના દસમા માળે આ માટેના અલાયદા વોર્ડમાં દાખલ કરવામાં આવ્યાં છે. આ લોકોના સેમ્પલ પુણેની લેબોરેટરીમાં મોકલવામાં આવ્યાં છે.

જાહેરાતના બોર્ડના કરંટથી મોત સંદર્ભે ૫ માસ બાદ કેસ નોંધાયો

બોપલમાં દુકાન પાસે અમુલની જાહેરાત લગાવેલા થાંભલાને હાથ અડતા કરંટ લાગતા યુવકનુ મોત નિપજ્યું હતું. આ ઘટનામાં વિદ્યુત નિરીક્ષકના અભિપ્રાય આવ્યા બાદ પાંચ માસ પછી દુકાનના સંચાલક સામે બેદરકારીથી મોત અંગેનો ગુનો બોપલ પોલીસ મથકે દાખલ કરવામાં આવ્યો છે. દુકાનદારે ગેરકાયદેસર રીતે ઈલેક્ટ્રીક વાયર ખેંચી બોર્ડ પર લાઈટીંગ કરી હોવાનું તપાસમાં બહાર આવ્યું હતું. ઘટનામાં સૌપ્રથમ અકસ્માત મોતનો ગુનો નોંધાયા બાદ હવે સઅપરાધ મુનષ્યવધનો ગુનો દાખલ કરાયો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, બોપલ ખાતે રહેતા દેવીલાલ યાદવ (ઉ.વ.૪૫) કડીયાકામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમને ત્રણ સંતાન છે, જેમાં ૨૦ વર્ષની દિકરી વર્ષા, ૧૮ વર્ષનો દિકરો ગોવિંદ અને ૧૫ વર્ષનો દિકરો રાહુલ છે. ૬ જુલાઈના રોજ વરસાદી સિઝન હોવાથી વરસાદ રોકાઈ જતાં ગોવિંદ બહાર જઈને આવું છું તેમ કહી ઘરેથી નિકળ્યો હતો. સાંજના સમયે અમુલ પાર્લરના લોખંડના થાંભલાને ગોવિંદનો હાથ લાગતા કરંટ લાગતા તેનું મોત થયું હતું. જે.બી.પાર્ક આગળની દુકાનોમાં અમુલ પાર્લર દિવ્ય દર્શન એન્ટર પ્રાઈઝના નામે ચાલે છે. આ દુકાનના માલિક દર્શીલ મોદી (રહે. બોપલ) છે. તેમણે પોતાની દુકાનમાંથી ગેરકાયદેસર ઈલેક્ટ્રીક વાયર ખેંચી અમુલ પાર્લરની જાહેરાત માટે લોખંડના થાંભલા ઉપર બોર્ડ મુકી તેમાં લાઈટીંગ કરી હતી. થાંભલાને લાઈટીંગ કર્યા બાદ અન્ય કોઈ વ્યવસ્થા ન કરી નિષ્કાળજી અને બેદરકારી દાખવી હોઈ ગોવિંદનું મોત થયું હોવાનું તેના પિતાએ ફરિયાદમાં લખાવ્યું હતું.

ડ્રાય રન ● અનુસંધાન પહેલાનું ચાલુ

હાથ ધરવામાં આવશે. સ્વાસ્થ્ય મંત્રાલયની ગુરુવારની બેઠકમાં આ મહત્વનો નિર્ણય કરવામાં આવ્યો છે. અત્યાર સુધી દેશના ૪ રાજ્યોમાં જ આવી ડ્રાઈ રન કરવામાં આવી હતી. જેમાં પંજાબ, આસામ, ગુજરાત અને આંધ્રપ્રદેશનો સમાવેશ થાય છે. ચારેય રાજ્યોમાં ડ્રાઈ રનને લઈને સારા રિઝલ્ટ સામે આવ્યા હતા, ત્યાર બાદ હવે સરકાર સમગ્ર દેશમાં આ ડ્રાઈ રનને લાગુ કરવાનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. ગુજરાતના રાજકોટ અને ગાંધીનગર જીલ્લામાં આ ડ્રાઈ રન ૨૮ અને ૨૯ ડિસેમ્બરે હાથ ધરવામાં આવી હતી.

આંક ૨૫ થયો ● અનુસંધાન પહેલાનું ચાલુ

૨૫ સંક્રમિત વ્યક્તિઓને સરકારી સુવિધામાં આઈસોલેટ કરાયા છે. થોડા દિવસો અગાઉ બ્રિટનમાં સૌપ્રથમ નવા પ્રકારનો કોરોના વાયરસ મળ્યો હતો અને તેને પગલે વિશ્વભરમાં ફફડાટ ફેલાયો હતો. કોરોના વાયરસનો નવો સ્ટ્રેન અગાઉના કોરોના વાયરસ કરતા વધુ ઘાતક છે. આ વાયરસ ૭૦ ટકા વધુ સક્રમિત કરે છે. અમેરિકામાં પણ આ વાયરસના બે કેસો સામે આવ્યા છે. ભારતમાં આ નવા કોરોના વાયરસની ઓળખ માટે કેન્દ્ર તેમજ રાજ્ય સરકારે તૈયારીઓ સઘન કરી છે.

નવો મંત્ર ● અનુસંધાન પહેલાનું ચાલુ

જે રીતે પાછલા વર્ષે સંક્રમણને રોકવા માટે આપણે એક થઈને પ્રયાસ કર્યા તે જ રીતે રસીકરણને સફળ બનાવવા માટે એકતા સાથે આગળ વધવાનું છે.× વડાપ્રધાન એમ પણ કહ્યું કે આપણાં ત્યાં કેટલાક લોકો અફવાનું વાતાવરણ ગરમ રાખવા પ્રયાસ કરતા હોય છે, પરંતુ આ પ્રકારની ભ્રામક બાબતોથી ગેરમાર્ગે દોરાવવું ના જોઈએ અને સોશિયલ મીડિયા પર આવતી માહિતીને સાચી માનીને સીધી શેર કરવાના બદલે તેની ચકાસણી જરુર કરવી જોઈએ.

આયુષ્યમાન ભારત યોજનાથી ગરીબોના ૩૦ હજાર કરોડ રૂપિયા બચ્યા છે. કેન્સર, હાર્ટ, કિડનીની સમસ્યા હોય તેવા ગરીબોની સારી હોસ્પિટલમાં ફ્રીમાં સારવાર મળી છે. દેશમાં ૭ હજાર જનઔષધિ કેન્દ્રો ગરીબોની દવા ફ્રીમાં આપવા વિચાર કરી રહ્યાં છીએ. આ કેન્દ્રો પર દવા ૯૦ ટકા સુધી સસ્તી હોય છે. સાડા ત્રણ લાખથી વધુ દર્દીઓ રોજ જનઔષધિ કેન્દ્રોનો લાભ લે છે.

રાજકોટમાં આકાર પામનારી AIIMSના ખાતમુહૂર્ત કાર્યક્રમ દરમિયાન ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, મુખ્યમંત્રી વિજય રુપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી હર્ષવર્ધન, કેન્દ્રીય સ્વાસ્થ્ય રાજ્યમંત્રી અશ્વિની ચૌબે ઉપસ્થિત રહ્યા હતા.

બે સ્વદેશી ● અનુસંધાન પહેલાનું ચાલુ

આવી શકે છે. શરુઆતમાં તેને માત્ર ઈમર્જન્સી ઉપયોગ માટે મંજૂરી આપવામાં આવશે. જણાવી દઈએ કે બ્રિટને ઓક્સફોર્ડ-એસ્ટ્રાજેનેકાની વેક્સીનને ઈમર્જન્સી ઉપયોગ માટે મંજૂરી આપવામાં આવી છે. આ કંપની ભારતમાં સીરમ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયા સાથે વેક્સીન ઉત્પાદન કરી રહી છે. સીરમ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયાએ અત્યાર સુધીમાં ઓક્સફોર્ડ એસ્ટ્રોજેનેકા કોવિડ-૧૯ વેક્સીન 'કોવિશીલ્ડ'ની લગભગ ૪-૫ કરોડ ડોઝ તૈયાર કર્યા છે. કંપનીએ સોમવારે કહ્યું કે તેનું લક્ષ્ય આગામી માર્ચ સુધીમાં ૧૦ કરોડ ડોઝ ઉત્પાદન કરવાનું છે. ભારતમાં ઈમર્જન્સી કોવિડ-૧૯ વેક્સીન રજૂ કરવાની જરુરિયાતને ધ્યાનમાં રાખીને એસઆઈઆઈએ ઓક્સફોર્ડ યુનિવર્સિટી તથા એસ્ટ્રોજેનેકા સાથે કોવિશીલ્ડના વિનિર્માણ માટે ભાગીદારી કરી હતી. સરકારે પહેલા તબક્કામાં લગભગ ૩૦ કરોડ લોકોને પ્રાથમિકતાના આધારે રસી આપવાની યોજના છે. રસીકરણ અભિયાન જાન્યુઆરી ૨૦૨૧ના પહેલા અઠવાડિયાથી શરુ થઈને જુલાઈના અંત સુધી ચાલુ રહી શકે છે. જેમાં હેલ્થકેર અને ફ્રન્ટલાઈન વર્કર્સ સિવાય ૫૦ વર્ષથી વધુ ઉંમરના લોકો અને ૫૦થી ઓછા પણ કો-મોર્બિડિટીઝથી પીડાતા લોકોનો સમાવેશ કરવામાં આવશે.

બાકી દેવું ● અનુસંધાન પહેલાનું ચાલુ

વર્ષ ૨૦૨૧ના પ્રથમ ક્વાર્ટરમાં ૫.૮૫ ટકા હતી તે ઘટીને સપ્ટેમ્બર ક્વાર્ટરમાં ૫.૮૦ ટકા થઈ છે.

નાણાંકીય વર્ષ ૨૦૨૧ના બીજા ક્વાર્ટર દરમિયાન ઓક્શન માટે ૧૩ તબક્કામાં ૪,૨૦,૦૦૦ કરોડ રૂપિયાની જામીનગીરીઓ મૂકવામાં આવી હતી, ગ્રીનશૂ ઓપ્શન્સની કામગીરીને લીધે અગાઉ જાહેર કરેલ કરતા થોડીક વધારે છે.

ચીફ રહેશે ● અનુસંધાન પહેલાનું ચાલુ

તેનો કાર્યકાળ ૧૪ જાન્યુઆરી ૨૦૨૧ના રોજ પૂરો થવાનો હતો. જેને ૧૪ જાન્યુઆરી ૨૦૨૨ સુધી વધારવામાં આવ્યો છે. ભારતીય અંતરિક્ષ અનુસંધાન સંગઠન ઈસરોના પ્રમુખ ડોક્ટર કે.સિવનનો કાર્યકાળ કેન્દ્ર સરકારે એક વર્ષ વધારી આપ્યો છે.

જામ કલ્યાણપુરની સરકારી વિનયન કોલેજ જામ કલ્યાણપુરના વિદ્યાર્થીઓને મળશે આધુનિક કોમ્પ્યુટર લેંગ્વેજ લેબ

જામ કલ્યાણપુર તાલુકા મથકે રાજ્ય સરકાર દ્વારા કાર્યરત સરકારી વિનયન કોલેજના વિદ્યાર્થીઓના લાભાર્થે રૂા.૧૭ લાખના ખર્ચે આધુનિક કોમ્પ્યુટર લેંગ્વેજ લેબ કાર્યરત કરવામાં આવી છે. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા દ્વારકા ખાતે આજે આ કોમ્પ્યુટર લેંગ્વેજ લેબનું લોકાર્પણ કરાયું હતું. ભાષાના વિદ્યાર્થીઓ લેંગ્વેજ લેબ ખુબ ઉપયોગી પુરવાર થાય છે.

ઉમેદવારોની પરીક્ષા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કક્ષાએથી કડક સુચના આપવામાં આવી છે. આગામી રવિવારના રોજ યોજનારી પોલીસ ઈન્સ્પેકટર અને બિન હથિયારી વર્ગ-૨ ની આ પરીક્ષા માટે જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા તમામ તૈયારીઓ કરી દેવામાં આવી છે. ગાંધીનગર જિલ્લાની કુલ ૪૬ જેટલી શૈક્ષણિક સંસ્થાઓના ૪૬૫ બ્લોકમાં આ પરીક્ષા લેવામાં આવશે. ગાંધીનગરમાં કુલ ૧૧૧૪૬ ઉમેદવારોને પરીક્ષા સ્થળો પર સોશિયલ ડિસ્ટન્સીંગના અમલ સાથે બેસાડવાની વ્યવસ્થા પણ કરી દેવામાં આવી છે. સરકારની ગાઈડ લાઈન પ્રમાણે એક વર્ગમાં માત્ર ૨૪ ઉમેદવારો જ પરીક્ષા આપવા માટે બેસાડવામાં આવશે. કોરોનાના કેસ વધી રહ્યા છે. ત્યારે શાળા કોલેજો પણ છેલ્લા એક વર્ષથી બંધ છે. આવા સંજોગોમાં લાંબા સમયથી કોઈપણ પ્રકારની પરીક્ષાનુ આયોજન પણ થયુ નથી ત્યારે સ્પર્ધાત્મક પરીક્ષાઓ પણ વારંવાર પાછી ઠેલવામાં આવી છે. જયારે હવે ઘણાં સમય બાદ જી પી એસ સી દ્વારા કોરોનાકાળમાં આ પ્રથમ ઓફલાઈન પરીક્ષાનુ આયોજન કરાયુ છે.

નિરમા યુનિ.ની છાત્રાને ૪૬ લાખનું વાર્ષિક પેકેજ મળ્યું

અર્થતંત્ર જ્યારે ધીમું પડી ગયું છે અને કોરોના મહામારીના કારણે જોબ માર્કેટને ફટકો પડ્યો છે ત્યારે નિરમા યુનિવર્સિટીની એક વિદ્યાર્થિનીને કેમ્પસ પ્લેસમેન્ટમાં ૪૬.૨૭ લાખ રૂપિયાનું વાર્ષિક પેકેજ મળ્યું છે, તેમ યુનિવર્સિટીના અધિકારીઓએ જણાવ્યું હતું. ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજીમાં મ્ષ્ઠર કોમ્પ્યુટર સાયન્સ એન્ડ એન્જિનિયરિંગના છેલ્લા વર્ષની વિદ્યાર્થિની સુલભા ગર્ગને બેંગ્લોરની આઈટી કંપની તરફથી આ ઓફર મળી છે. ગર્ગે જણાવ્યું હતું કે, જાન્યુઆરી મહિનાથી તે કંપની સાથે ઈન્ટર્નશિપ કરશે અને તે કોર્ષ પૂરો થયા બાદ આઈટી ડેવલપર તરીકે જોડાશે. હું આ માટે અગાઉથી સારી રીતે તૈયારી કરી રહી હતી અને મને સારા પેકેજની પણ અપેક્ષા હતી, ધીમા અર્થતંત્રની વચ્ચે બેચમાં હાઈએસ્ટ પેકેજ મેળવવાના પ્રશ્નના જવાબમાં તેણે જણાવ્યું હતું.